# Government Arts College,Kaparada

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.

પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

---

**Activity Name: BEST OUT OF WASTE**

**Date :09/10/2019**

## સરકારી વિનયન કૉલેજ, કપરાડા, જિ. વલસાડ

**<u>શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-'૨૦</u>**

સપ્તધારાની 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' અંતર્ગત **'વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા'** નો અહેવાલ

Date : 09/10/2019

સરકારી વિનયન કૉલેજ, કપરાડા, જિ. વલસાડ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-'૨૦ ના સપ્તધારાની 'સર્જનાત્મક અભિવ્યકિતધારા' અંતર્ગત **'વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા'** આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ, સર્જનાત્મક અભિવ્યકિતધારા સમિતિના અધ્યક્ષ પ્રા. એમ.પી.પટેલે ઉપાધ્યક્ષ શ્રી કે.જી.ગામીત તથા વિદ્યાર્થીસભ્યોના સહયોગથી આજ તા. ૦૯/૧૦/૨૦૧૯ ના રોજ પુસ્તકાલયમાં સવારે ૧૦:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક દરમિયાન આયોજિત કરી. જેમાં ચૌદ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં નવ વિદ્યાર્થીઓએ સમૂહમાં તથા પાંચ વિદ્યાર્થીઓએ વ્યકિતગત રીતે પોતાની કૃતિ તૈયાર કરી.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે સેમ. પાંચની વિદ્યાર્થીની ગાયકવાડ રેખા એમ. તો દ્વિતિય ક્રમે સેમ. પાંચની વિદ્યાર્થીની ધૂમ સંગીતા એલ. રહી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકેની કામગીરી શ્રીમતી મહેરિયા દિપીકા એન. અને શ્રી ગામીત કિરણ જી. એ કરી.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને કૉલેજ પરિવાર તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

GOVT. ARTS COLLEGE KAPARADA TA. KAPARADA DIST. VALSAD

I/c Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

**Activity Name: BEST OUT OF WASTE**

**Photographs:**





**Activity Name: Drama Competition**

**Date :30/12/2019**


**Government Arts College,Kaparada**

**સરકારી વિનયન કોલેજ, કપરાડા**

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ០૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org


GACK/2020/સાંસ્કૃતિક/01

DATE: 01/01/2020

## સપ્તધારા સમિતિ અંતર્ગત નાટ્યધારા સમિતિનો અહેવાલ

સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે તા. ૩૦/૧૨/૨૦૧૯ ના રોજ સપ્તધારા અંતર્ગત નાટક અને એક પાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમસ્ત કોલેજ પરિવારના કુલ ૧૩૮ સદસ્યોએ પોતાની ભાગીદારી નોંધાવી. નાટક સ્પર્ધા અંતર્ગત 'મધ્યમ વ્યાયોગ', 'બેટી બચાવો બેટી પઢાવો' અને 'મોબાઈલની આડઅસરો' એમ ત્રણ નાટકો ક્રમશ: એફ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા જેમાં એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ મધ્યમ વ્યાયોગ નાટકને દ્વિતિય ક્રમાંકે અને ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયેલ નાટક મોબાઈલની આડઅસરને પ્રથમ ક્રમાંકે નવાજવામાં આવ્યો. એકપાત્રિય અભિનય સ્પર્ધા અંતર્ગત એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થીની રૂક્ષ્મણી થોરાત કે જે કુંતાના પાત્રમાં દેખાયા તેમને પ્રથમ ક્રમાંક અને ટી.વાય.બી.એ.ના સંગીતાબેન ધુમ કે જેમણે શબરીની ભૂમિકા અદા કરી તેમને દ્વિતિય ક્રમાંકે વિભૂષિત કરવામાં આવ્યા. તે દરમિયાન એસ.વાય.બી.એ.ના આનંદીબેન મનસે વિરાંગના લક્ષ્મીબાઈના પાત્રમાં દેખાયા. સ્પર્ધા અંતર્ગત સંસ્કૃત વિષયના પ્રા. ડૉ. મેઘના ધારણેએ મીરાબાઈનું પાત્ર ભજવી વિદ્યાર્થીઓને એકપાત્રિય અભિનયનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો. સંપૂર્ણ કાર્યક્રામનું સફળ સુત્ર સંચાલન એફ.વાય.બી.એ. ના લતાબેન ધુમ અને સમાપન પ્રાધ્યાપિકા રશ્મિતા રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમને અંતે કોલેજના પ્રિન્સીપાલશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબે પ્રોત્સાહક અને સૂચક માર્ગદર્શન આપ્યું સંપૂર્ણ સ્પર્ધા દરમિયાન કોલેજ પરિવારના પ્રા. મનોજભાઈ પટેલ અને પ્રા. કિરણભાઈ ગામીત નિર્ણાયકની ભૂમિકામાં જણાયા.

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD •

**Activity Name: Drama Competition**

**Date :30/12/2019**






**Activity Name: General Knowledge Test**

**Date :11/02/2020**

# Government Arts College,Kaparada

## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/2019/ ૪૧/જ્ઞાનધારા

DATE: 12/ 02/2020

### <u>અહેવાલ</u>

આજ રોજ તારીખ 11/02/2020 ના રોજ જ્ઞાનધારા અંતર્ગત સામાન્ય જ્ઞાન કસોટીનું આયોજન કરવામાં આવ્યું.જેમાં કુલ 100 પ્રશ્નો વિકલ્પ દ્વારા વિદ્યાર્થીઓ ને આપવામાં આવ્યા.જે પ્રશ્નપત્રમાં ભારતનો ઇતિહાસ , ભારતની ભુગોળ , ગુજરાતનો ઇતિહાસ , ગુજરાતની ભુગોળ , ભારતનું બંધારણ , ભારતીય રાષ્ટ્રીય ચળવળ , સાહિત્ય જગત , વિજ્ઞાન , ગણિત , રીઝનીંગ અને કરંટ અફેર્સ ને લગતા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓ સારી તૈયારી કરી આવે એ હેતુથી 15 દિવસ અગાઉથી જ સામાન્ય અભ્યાસને લગતું મટેરીયલ સોશીયલ મીડીયાના માધ્યમથી આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓએ સમગ્ર કસોટી OMR દ્વારા આપી.કસોટી દરમિયાન કુલ 116 વિદ્યાર્થીઓ હાજર રહ્યા.તે માટે કોલેજ કક્ષાએ 4 રુમો ફાળવવામાં આવ્યા.જેમાં કોલેજના અધ્યાપકો રશ્મિતાબેન , મેઘનાબેન , ચંદનબેન , રમેશભાઇ અને દિપીકાબેન દ્વારા સુપરવિઝન કરવામાં આવ્યું.જ્યારે સમગ્ર કસોટીનું સંચાલન જ્ઞાનધારાના કન્વીનર શ્રી દિપકકુમાર વી. પટેલ દ્વારા કરવામાં આવ્યું.વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલ OMR નું પરીક્ષણ કોલેજના અધ્યાપકો રશ્મિતાબેન , મેઘનાબેન , ચંદનબેન , રમેશભાઇ દિપીકાબેન , સંદિપભાઇ , હેમંતભાઇ અને દિપકભાઇ દ્વારા કરવામાં આવ્યું.જેમાં પ્રથમ 4 ક્રમ આવનાર વિદ્યાથીને અને વિદ્યાર્થીનીઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનીને અધ્યાપક શ્રી દિપકકુમાર વી. પટેલ દ્વારા શ્રી અનુરાગ પાઠક દ્વારા લખાયેલ પુસ્તક <u>12 th fail</u> પ્રોત્સાહક ઇનામ રૂપે વાર્ષિકોત્સવના દિવસે આપવામાં આવશે.

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada, Dist.Valsad

**Activity Name: General Knowledge Test**

**Date :11/02/2020**






Activity Name: **Drawing Competition and Mahendi Competition**
Date: 12/02/2020

# Government Arts College, Kaparada
# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com
વેબસાઇટ : www.kapradacollege.org

No: GACK/ ૨૦૨૦/ ૩૧

તા. 12/02/2020

## અહેવાલ

આજ રોજ તારીખ 12/02/2020 ના બુધવારના રોજ સપ્તધારાની રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ વર્તમાન સમસ્યાઓથી વાકેફ થાય તે ઉદ્દેશથી ચિત્ર સ્પર્ધા માટેનો વિષય "Save Nature" (પ્રકૃતિ બચાવો) અને "Social Awareness" (સામાજીક જાગૃતિ) રાખેલ. ચિત્ર સ્પર્ધામાં કુલ ૧૧ વિદ્યાર્થીઓ તથા મહેંદી સ્પર્ધામાં કુલ ૫ વિદ્યાર્થીનીઓએ ખુબ ઉત્સાહ અને ઉમંગ થી ભાગ લીધેલ. ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા સંસ્થાના પ્રાધ્યાપક ડૉ. પ્રફુલભાઇ બી. કુરકુટિયા અને પ્રો. મનોજકુમાર પી. પટેલે ભજવેલ જ્યારે મહેંદી સ્પર્ધામાં નિર્ણાયકની ભૂમિકા સંસ્થાની પ્રાધ્યાપિકા ડૉ. મેઘના કે. ધારણે અને પ્રો. દિપિકાબેન એન. મહેરિયાએ ભજવેલ. સ્પર્ધાનું આયોજન રંગકલા કૌશલ્ય ધારાના કો-ઓર્ડિનેટર અને મદદનીશ પ્રાધ્યાપક શ્રી હેમંતકુમાર જે. ખરાડી દ્વારા કરવામાં આવેલ

GOVT. ARTS COLLEGE KAPRADA • TA. KAPRADA DIST. VALSAD • सत्यमेव जयते

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada, Dist.Valsad

Activity Name: **Drawing Competition and Mahendi Competition**
Date: 12/02/2020






**Activity Name: ORIGNAL WRITING COMPETITION**

**DATE:13/02/2020**

સરકારી વિનયન કૉલેજ, કપરાડા, જિ. વલસાડ

GACK/2020/સદ/સઅદ/અહેવાલ/૧૨

તા. ૧૩/૦૨/૨૦૨૦

અહેવાલ

સરકારી વિનયન કૉલેજ, કપરાડા ખાતે આજ રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના સપ્તધારા અંતર્ગત સર્જનાત્મક અભિવ્યક્તિધારા હેઠળ પ્રાચાર્યશ્રીના માર્ગદર્શનમાં મૌલિક વાર્તા કે કાવ્યલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધા માટે બાર વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે નામ નોંધાવ્યા હતા, જેમાં આજ રોજ દસ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. નિર્ણાયક તરીકે પ્રા. કે.જી.ગામીત અને પ્રા. ડી.વી.પટેલે ભૂમિકા નિભાવી. આ સ્પર્ધામાં પ્રથમક્રમ થોરાત રૂક્ષ્મણીબેન પ્રવિણભાઈ (એસવાયબીએ-૪) અને દ્વિતીયક્રમ ભોયા આશાબેન ઉત્તમભાઈ (એસવાયબીએ-૪) પ્રાપ્ત કર્યો.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન સર્જનાત્મક અભિવ્યક્તિધારાના કૉ-ઑર્ડિનેટર પ્રા.એમ.પી.પટેલ તથા પ્રા. કે.જી.ગામીત દ્વારા કરવામાં આવ્યું.

GOVT. ARTS COLLEGE KAPRADA
TA. KAPRADA DIST. VALSAD
सत्यमेव जयते

Assistant Professor
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada. Dist.Valsad

## Activity Name: ORIGNAL WRITING

## PHOTOGRAPHS:






**Activity Name: સમુહ ગીત અને એકલ ગીત સ્પર્ધા**

**Date :17 / 02/2020**

# Government Arts College,Kaparada
## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭. સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address : www.kapradacollege.org

GACK/2020/શ.અ./97

DATE: 17/02/2020

**સપ્તધારાની ગીત સંગીત નૃત્ય ધારા અંતર્ગત સમૂહગીત અને એકલ ગીતની સ્પર્ધાનો અહેવાલ**

તા. ૧૭/૦૨/૨૦૨૦ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે સપ્તધારાની ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત સમૂહગીત અને એકલ ગીતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં એકલ ગીત સ્પર્ધામાં કુલ -૭ સ્પર્ધકો અને સમૂહગીત સ્પર્ધામાં કુલ મળીને ૪ ગૃપે ઉત્સાહભેર ભાગ લીધો હતો . આ સ્પર્ધામાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કુલ ૧૪ કર્મચારીઓ અને ૭૧ વિદ્યાર્થીઓ મળીને કુલ ૮૫ સભ્યો હાજર રહ્યા હતા. આ સ્પર્ધાની શરૂઆત કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબના પ્રોત્સાહક ઉદબોધન દ્વારા કરવામાં આવી. સમસ્ત કાર્યક્રમનું સફળ સૂત્ર સંચાલન કોલેજના અધ્યાપિકા રશ્મિતા રાઠોડે કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજના પ્રા. શ્રી મનોજભાઈ પટેલ અને પ્રા. દિપીકા મહેરિયાએ સેવા આપી હતી. આભારવિધિ પ્રા. શ્રી ચંદનબેન ચવધરી દ્વારા કરવામાં આવી હતી.

સ્પર્ધાના અંતે સમૂહગીત સ્પર્ધામાં ગૃપ નં- ૧ ને પ્રથમ ક્રમાંક અને ગૃપ નં -૪ ને દ્વિતિય નંબરે જાહેર કરાયા હતા. જ્યારે એકલગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે સેમ-૬ ના વિદ્યાર્થી ચૌધરી પ્રકાશભાઈ સત્તરભાઈ ને અને દ્વિતિય ક્રમાંકે સેમ-૨ની વિદ્યાર્થીની ઉદાર ભારતી તુકારામભાઈને જાહેર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમલક્ષી તમામ બાબતો, પરિણામ, હાજરીપત્રકો અને ફોટોગ્રાફ્સ આ સાથે સામેલ છે.

GOVT. ARTS COLLEGE KAPRADA • TA.KAPRADA DIST. VALSAD • सत्यमेव जयते

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada, Dist.Valsad.

**Activity Name: સમુહ ગીત અને એકલ ગીત સ્પર્ધા**

**Date :17 / 02/2020 Photographs:**






**Activity Name: Drama and mono acting copetition**

**Date – 19/02/2020**

Government Arts College,Kaparada

સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ.
પિનકોડ નં. ૩૯૬ ૦૬૭, સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com

GACK/ 2020/

DATE: 19 /02 /2020

સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત નાટક અને એકપાત્રિય અભિનય સ્પર્ધાનો અહેવાલ

તા.૧૯/૦૨/૨૦૨૦ ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે સપ્તધારાની નાટ્યધારા અંતર્ગત નાટક અને એક્પાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કોલેજ પરિવારનાં કુલ ૯૫ વિદ્યાર્થીઓ સહિત ૧૦ શૈક્ષણિક બિનશૈક્ષણિક કર્મચારીઓએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી.

નાટક સ્પર્ધા અંતર્ગત "રાજાનાં ત્રણ સવાલ" નાટક્માં કુલ દસ વિદ્યાર્થીઓએ, "અંધેરનગરી" નાટક્માં કુલ બાર વિદ્યાર્થીઓએ અને "જ્યોતિષનો દિવસ" નાટકમાં કુલ છ વિદ્યાર્થીઓએ વિવિધ પાત્રોની ભૂમિકા ભજવી. એક્પાત્રિય અભિનય અંતર્ગત ચૌધરી વિઠ્ઠલ ધુમ સંગીતા અને માહલા મેહુલ રંગભૂમિ પર છવાયા.

સ્પર્ધાનું મૂલયાંકન પ્રા.હેમંતભાઇ ખરાડી અને પ્રા.રશ્મિતા રાઠોડે કર્યુ. નાટક સ્પર્ધામાં ગ્રુપ ૨ પ્રથમ અને ગ્રુપ ૩ દ્વિતિય વિજેતા જાહેર થયું. એક્પાત્રિય અભિનય સ્પર્ધામાં માહલા મેહુલભાઇ પ્રથમ અને ચૌધરી વિઠ્ઠલભાઇ દ્વિતિય વિજેતા ઠર્યા. સંપુર્ણ કાર્યક્રમનું સફલ સુત્ર સંચાલન કોલેજનાં પ્રા.રમેશભાઇ સી.જાદવે કર્યુ. કાર્યક્રમની આભારવિધિનો ભાર પ્રા. કિરણભાઇ ગામિતે સંભાળ્યો. આમ સરકારી વિનયન કોલેજ કપરાડા ખાતે નાટક અને એકપાત્રિય અભિનય સ્પર્ધા આકારિત થઇ.

Govt. Arts College-Kaparada * Dist.Valsad

Principal
Govt. Arts Collage, Kaparad
Ta.Kaparada, Dist.Valsad

Activity Name: Drama and mono acting copetition

Date – 19/02/202 Photographs:




